ઉમરા પો.સ્ટે વિસ્તારમાં લાયસન્સ વગરની સિક્યુરીટી ચલાવતા આરોપીને ઝડપી પાડતી,
સુરત શહેર એસ.ઓ.જી.

સુરત શહેર વિસ્તારમાં ગેરકાયદેસર લાયસન્સ વગરની સિક્યુરીટી એજન્સીઓ શોધી કાયદેસરની કાર્યવાહી કરવા અંગે એસ.ઓ.જી. ના પોલીસ માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન HC રાજુભાઈ ભીમાભાઈ નાઓને બાતમી હકિકત મળેલ કે રાજનસીંગ રહે.એસ.એમ.સી.સુડા આવાસ હાઈટેજ સોસાયટીની પાછળ વેસુ, સુરતનાનો પીપલોદ એસ.વી.એન. આઈ.ટી.સર્કલ પાસે ધ પાર્ક હોટલમાં વગર લાયસન્સે"કનક સિક્યુરીટી સર્વિસ" ના નામે સિક્યુરીટી ચલાવે છે. તે હકિકત વાળી જગ્યાએ તપાસ કરતા આરોપી નામે રાજન પ્રમોદસીંગ ઉ.વ.૩૫ રહે.એ-૧/૨૨, એસ.એમ.સી.સુડા આવાસ, હાઈટેજ સોસાયટીની પાછળ વેસુ, સુરત શહેર વાળો મળી આવેલ અને તેના કબ્જામાંથી "કનક સિક્યુરીટી" ના નામના રબ્બર સ્ટેમ્પ વિઝીટીંગ કાર્ડ, ચેક, બીલબુક, ગાર્ડમેનનું હાજરી રજીસ્ટર વિગેરે મળી આવેલ અને મજકુર આરોપી "કનક સિક્યુરીટી સર્વિસ" નામની સિક્યુરીટી એજન્સી ચલાવવાનું લાયસન્સ ધરાવતો ન હોય જેથી ઉપરોક્ત વસ્તુઓ કબ્જે કરી મજકુર આરોપીને અટક કરી તેના વિરૂધ્ધમાં ખાનગી સલામતી એજન્સી (નિયંત્રણ)ધારા ૨૦૦૫ ની કલમ ૪,૨૦ મુજબ ઉમરા પો.સ્ટે. ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ છે.